# જેકે પેપર કંપનીના સરકાર સાથે 1500 કરોડના MOU

ભાસ્કર ન્યૂઝ. ગાંધીનગર

પેપર ઉત્પાદન ક્ષેત્રની કંપની જેકે પેપર લિમિટેડે સોનગઢમાં આવેલા પોતાના પ્લાન્ટના મોડર્નાઈઝેશન અને વિસ્તરણ માટે ગુજરાત સરકાર સાથે 1500 કરોડના એમઓયુ કર્યા છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીની ઉપસ્થિતિમાં થયેલા એમઓયુ પ્રમાણે કંપનીનો પ્લાન્ટ ડિસેમ્બર 2020 સુધીમાં ઉત્પાદન કરતો થઈ જશે. આ પ્લાન્ટને કારણે આદિવાસી વિસ્તારના સ્થાનિક 1 હજાર યુવાનોને રોજગારી મળશે અને સ્થાનિક ખેડૂતો કંપનીને રો મટીરિયલ પૂરું પાડી શકશે. કંપની હાલ 2200 સ્થાનિક યુવાનોને રોજગારી પૂરી પાડી રહી છે. પ્લાન્ટના વિસ્તરણ બાદ પલ્પ પ્રોસેસિંગ ક્ષમતા 60 હજાર ટીપીએથી વધીને 1.60 લાખ ટીપીએ થશે. નવા પ્લાન્ટમાં કંપની ડુપ્લેક્સ કોટેડ બોર્ડ પેપરનું ઉત્પાદન કરશે.